**ઈવેન્ટ મેનેજમેન્ટ :** આધુનિક યુગનું આ એક અત્યાધુનિક ક્ષેત્ર છે, તે અન્ય પ્રકારના મેનેજમેન્ટની સરખામણીમાં વધુ ઝડપથી વિકસી રહ્યું છે. ઘણી યુનિવર્સિટી ઈવેન્ટ મેનેજમેન્ટના અભ્યાસક્રમો શરૂ કરી રહી છે. પરંતુ આ અભ્યાસક્રમ ખાનગી ઈન્સ્ટિટ્યૂટસમાંથી કરવામાં આવે, તો સમયની બચત થઈ શકે છે, ઉપરાંત વિદ્યાર્થી પોતાના મૂળ અભ્યાસક્રમની સાથોસાથ પાર્ટટાઈમ આ અભ્યાસક્રમ કરે, તો તેની પાસે બંને ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની તક રહે છે.

આથી ઈવેન્ટ મેનેજમેન્ટ સાથે BBA કે MBA કરવાને બદલે પોતાના મૂળ અભ્યાસક્રમની સાથો સાથ ઈવેન્ટ મેનેજમેન્ટનો ડિપ્લોમા અભ્યાસક્રમ કરવો. આથી ડિગ્રીના પ્રથમ વર્ષ દરમિયાન HSC ની લઘુતમ લાયકાતના આધારે ઈવેન્ટ મેનેજમેન્ટનો ડિપ્લોમા પૂર્ણ કરી શકાય અને ડિગ્રીના બાકીના વર્ષોમાં ઈવેન્ટનું કામ પાર્ટટાઈમ શરૂ કરી શકાય અને જો તેમાં સફળતા જણાય, તો પછી ભલેને ઈવેન્ટ મેનેજમેન્ટમાં આગળ અભ્યાસ કરીને ગ્રેજ્યુએશન થી શરૂ કરીને Ph.D. સુધી કરી શકાય. પરંતુ મૂળ અભ્યાસક્રમને છોડીને ઈવેન્ટ મેનેજમેન્ટમાં સીધેસીધુ ગ્રેજ્યુએશન BBA કે MBA કરવું એ મોટું જોખમ ઉઠાવવા બરાબર છે.

એકાદ વર્ષના ડિપ્લોમાની ફી આશરે રૂ. ૨૫,૦૦૦ થી રૂ. ૫૦,૦૦૦ સુધીની હોય છે. જેમાં પ્રવેશ મેળવવો સરળ છે. પરંતુ મૌખિક ઈન્ટરવ્યૂમાં વિદ્યાર્થીનો ઈવેન્ટ પ્રત્યેનો રસ, જ્ઞાન, આવડત વગેરે ચકાસવામાં આવે છે. અત્યાર સુધી મોટે ભાગે પાર્ટીપ્લોટ, ડેકોરેશન તેમજ કેટરીંગના વ્યસાય સાથે સંકળાયેલાઓ આ અભ્યાસક્રમને પસંદ કરતા, પરંતુ આજે પૈતૃક વ્યવસાય ન હોય, પરંતુ કંઈક હટકે કરવા ઈચ્છૂકો પોતાની સર્જન ક્ષમતાને આધારે આ અભ્યાસક્રમ પસંદ કરતા હોય છે.

ઈવેન્ટ મેનેજમેન્ટના ડિપ્લોમા તેમજ ડિગ્રી અભ્યાસક્રમમાં થિયોરીકલને બદલે પ્રેકટીકલ પર વધુ ભાર મૂકવામાં આવે છે. આમ છતાંયે આ અભ્યાસક્રમમાં ઈવેન્ટ એકાઉન્ટીંગ કમ્યુનિકેશન એન્ડ પ્રેઝન્ટેશન સ્કીલ્સ એન્ડ સ્પોન્સરશીપ, ઈવેન્ટ માર્કેટીંગ, ઈવેન્ટ લોજીસ્ટીક, ઈવેન્ટ પ્લાનીંગ, ઈવેન્ટ વર્કશોપ્સ, ઈવેન્ટ જર્નાલિઝમ, મોડર્ન ઈવેન્ટ સિનારીયો, એડવર્ટાઈઝીંગ, માર્કેટીંગ મેનેજમેન્ટ, ઈવેન્ટ કેસ સ્ટડીઝ, ઈવેન્ટ કેટરીંગ, સ્ટ્રેટેજીક બ્રાન્ડ મેનેજમેન્ટ જેવા વિષયોનો સમાવેશ થાય છે. પ્રેકટીકલસમાં જે તે કોલેજ / ઈન્સ્ટિટ્યૂટ કેટલીક ઈન હાઉસ ઈવેન્ટનું આયોજન કરે છે. જેમાં થીમ પાર્ટીનો સમાવેશ થાય છે. થીમ પાર્ટી માટે વિદ્યાર્થીઓને જુદા જુદા ગ્રુપમાં વહેંચી દેવામાં આવે છે. ઈન્સ્ટિટ્યૂટ તરફથી હોલ અનેફુડની સુવિધા તેમજ અમુક નિશ્ચિત રોકડ આપવામાં આવે છે. જેમાંથી દરેક ગ્રુપે ઈન્વીટેશન કાર્ડ, સાઉન્ડ, લાઈટ, ડેકોરેશન વગેરે કરવાનું રહે છે. અહીં જુદા જુદા ગ્રુપ વચ્ચે સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું થાય છે. જજીસની પેનલ તેઓના પરફોર્મન્સ અંગે તટસ્થ અભિપ્રાય આપે છે. જેનાથી વિદ્યાર્થીઓને વધુ સારી રીતે ઈવેન્ટ હોસ્ટ કરવાની પ્રેરણા મળે છે.

ઈવેન્ટ હોસ્ટ કરવા માટે પ્રેકટીકલ અનુભવ ઉપરાંત ઈવેન્ટ અંગેના કાયદા, સામાન્ય એકાઉન્ટીંગ વગેરેનું જ્ઞાન પણ હોવું જરૂરી છે. જેમ કે મોટી ઈવેન્ટમાં જે તે ગીત વગાડવા માટે IPRS (ઈન્ડિયન ફોનોગ્રાફીકસ રાઈટ સોસાયટી)ની પરવાનગી લેવી જરૂરી છે. મોટા ગજાના DJ આવી પરમીશન ધરાવતા હોય છે. સ્ટેજ પરફોર્મન્સ માટે રંગશારદાની પરમીશન, મોટા ગ્રાઉન્ડમાં પરફોર્મન્સ માટે ફાયરબિગ્રેડ હેલ્થ ડિપાર્ટમેન્ટ, RTO, પોલીસ પરમીશન વગેરે હોવી જરૂરી છે!

સફળ તાલીમાર્થીઓને વિદેશમાં (ઈન્સ્ટિટ્યૂટના ખર્ચે અને જોખમે) ઈવેન્ટનું આયોજન કરવાની તક પ્રાપ્ત થાય છે. ઈવેન્ટ મેનેજમેન્ટની કંપનીઓમાં જોબ પણ મળી શકે છે. સ્વતંત્ર રીતે 'મેરેજ / વેડીંગ પ્લાનર' કે 'સેલીબ્રીટી મેનેજર' તરીકેનો વ્યવસાય પણ કરી શકાય છે. મોટા શહેરોમાં કેટલીક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ ૧ કરોડથી ઓછા બજેટવાળા લગ્ન સમારંભોના કોન્ટ્રાક્ટ લેતી નથી ! કેટલાક વિદ્યાર્થીઓ ટીવી પરથી પ્રસારીત થતા વિવિધ એવોર્ડ શો, રિયાલીટી શો તેમજ ટેલેન્ટ શો ને ઓર્ગેનાઈઝ કરવાનું કામ પણ કરતા હોય છે.

**ટેમ્પલ મેનેજમેન્ટ :** શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા સંચાલિત આ અભ્યાસક્રમ વિશેની જાગૃતિ ધીમે ધીમે વિકસી રહે છે.

**આ અભ્યાસક્રમ કોના માટે ?** (૧) સિવિલ એન્જિનિયરીંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છૂકો માટે (૨) કન્સ્ટ્રકશનનો કૌટુંબિક વ્યવસાય ધરાવનારાઓ માટે (૩) વાસ્તુશાસ્ત્ર જ્યોતિષ, સંચાલનના ક્ષેત્રની વ્યક્તિઓ માટે (૪) આર્કિટેક, ડિઝાઈનર વગેરે માટે (૫) મોટા મંદિરોની એકાઉન્ટીંગ, ઓડિટીંગની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી ચાર્ટર્ડ એકાઉન્ટસની પેઢીના એકાઉન્ટન્ટ માટે (૬) ધાર્મિક ટ્રસ્ટ સાથે સંકળાયેલી વ્યક્તિઓ ધાર્મિક-અધ્યાત્મિક વિચારધારા ધરાવતી વ્યક્તિઓ માટે

**અભ્યાસક્રમ બાદ પ્રાપ્ત થતી તકો :** ૧) વિદેશોમાં ખાસ કરીને અમેરિકા, ઈંગ્લેન્ડમાં કે જ્યાં મંદિરોની સંખ્યા વધુ હોવાથી, ત્યાંના મંદિરોમાં મેનેજર તરીકે કામગીરી / વ્યવસ્થા સંભાળવાની જોબ ૨) દેશના વિવિધ મંદિરોનું વ્યવસ્થાપ કરવાની મળતી તક ૩) નવા મંદિરનું નિર્માણ તતું હોય ત્યાં ચાવી રૂપ હોદ્દા મળવાની તક ૪) જુના મંદિરોના ડેવપલમેન્ટ કરવા અંગેનું કાર્ય ૫) મંદિરોના ફિલાન્સર સલાહકાર તરીકે ઊભી થતી તક ૬) વિવિધ મંદિરો, ધાર્મિક ટ્રસ્ટો, સરકારી પ્રતિનિધીઓ સાથે સંવાદ કરવાની તક.

**અભ્યાસક્રમની વિશેષતાઓ :** ૧) પાર્ટટાઈમ અભ્યાસક્રમ હોવાથી મૂળ અભ્યાસક્રમની સાથો સાથ કરી શકાય. ૨) માન્ય યુનિવર્સિટીનો ડિપ્લોમા કક્ષાનો અભ્યાસક્રમ ૩) ઓછી ફી ૪) સર્ટિફિકેટ ઉપબ્લધ ૫) ભારતીય ઈતિહાસ, પરંપરા, વિવિધ પ્રકારના ધાર્મિક સ્થાનોની શૈક્ષણિક માહિતી, ધાર્મિક ટ્રસ્ટોની હિસાબ કામગીરી, સરકારી ભૂમિકા વગેરેનું પ્રાપ્ત થતું જ્ઞાન ૬) ભવિષ્યમાં ઈતિહાસ, પરંપરા, પુરાતત્વ વિભાગ, સામાજિક રીત-રીવાજો, ઉત્સવો જેવા વિષયોમાં M.Phil કે Ph.D. કરવા ઈચ્છૂકો માટે પૂરક બનતો અભ્યાસક્રમ.

આવા અભ્યાસક્રમ બાદ અમેરિકા, બ્રિટન જેવા દેશોમાં વિવિધ ધર્મ / સંપ્રદાયના સંત (Prist) તરીકેનો વિઝા સરળતાથી મળી શકે છે. અત્યારસુધીમાં આ અભ્યાસક્રમ ડોક્ટર, એન્જિનિયર, સી.એ. એમ.બી.એ., પ્રોફેસર જેવી સફળ વ્યાવસાયિક કારકિર્દી ધરાવનારાઓ પણ કરી ચૂક્યા છે !

**ફાર્માસ્યુટિકલ્સ મેનેજમેન્ટ :** આ પ્રકારના અભ્યાસક્રમમાં મુખ્યત્વે એનોટોમી, ફિઝીયોલોજી એન્ડ ફાર્માકોલોજી, લીગલ આસ્પેકટસ, ફાર્મા મલ્ટીનેશનલ મેનેજમેન્ટ, કોર્પોરેટ ગર્વન્સ વીથ બિઝનેસ એથીક્સ, ફાર્મા એડવાન્સ હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ અને ફાર્મા મેનેજમેન્ટ રિસર્ચ પ્રોજેક્ટ જેવા વિષયોનો સમાવેશ થાય છે.

લઘુત્તમ લાયકાત કોઈપણ ક્ષેત્રના ગ્રેજ્યુએશનની હોવા છતાં એમ.બી.એ. ઈન ફાર્માસ્યુટિકલ્સ મેનેજમેન્ટનો કોર્સ B.Pharm, M.Pharm, Bio-tech, B.Sc. કે M.Sc. ઈન કેમેસ્ટ્રીની પદવી ધરાવનારાઓ માટે પરફેકટ મેચ છે.

આ પ્રકારના અભ્યાસક્રમની ડિમાન્ડ વિદેશના ઘણા દેશોમાં આપણા દેશ કરતા પણ વધુ છે. આથી આ પ્રકારના અભ્યાસક્રમ બાદ વિદેશોમાં રોજગારીની ઘણી તકો રહેલી છે. આ અભ્યાસક્રમ બાદ દેશમાં જ રહીને ફાર્મા ઈન્ડસ્ટ્રીઝના ઉચ્ચ અધિકારીઓ સાથે સંપર્ક થઈ શકતો હોવાથી, ન્યુ પ્રોજેક્ટ ડેવલોપરથી શરૂ કરીને ઈન્ટરનેશનલ માર્કેટીંગ મેનેજર સુધીના વિવિધ હોદ્દાઓ પરની રોજગારી પ્રાપ્ત થઈ શકે છે. આ અભ્યાસક્રમ સરકારી સંસ્થામાંથી કરવો જોઈએ.

**એગ્રિબિઝનેશ મેનેજમેન્ટ :** આ પ્રકારના અભ્યાસક્રમમાં મુખ્યત્વે IT એગ્રિકલચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ, એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ, રૂરલ ડેવલપમેન્ટ અને NGO મેનેજમેન્ટ, એગ્રિબિઝનેસ, રિસર્ચ પ્રોજેક્ટ, ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ કવોલિટી, ફર્ટિલાઈઝર, એગ્રિ કેમીકલ્સ એન્ડ ટેકનોલોજી મેનેજમેન્ટ જેવા વિષયોનો સમાવેશ થાય છે.

લઘુત્તમ લાયકાત કોઈપણ ક્ષેત્રના ગ્રેજ્યુએશનની હોવા છતાં MBA ઈન એગ્રો બિઝનેસનો કોર્સ B.Sc. (એગ્રિકલ્ચર) B.Tech (ફુડ ટેકનોલોજી) B.Tech (ડેરી ટેકનોલોજી) તેમજ B.R.S. થયેલાઓ માટે 'મેઈડ ફોર ઈચ અધર' સમાન છે.

આ અભ્યાસક્રમમાં થિયોરીટીકલ સ્ટડી કરતા પ્રેકટીકલ સ્ટડીઝનું પ્રમાણ વધુ હોવાથી, સેમિનાર, સિમ્પોઝીયમ, ગેસ્ટ લેકચર તથા વર્કશોપ વગેરેનો સમાવેશ થાય છે. આ અભ્યાસક્રમ શક્ય હોય ત્યાં સુધી સરકારી સંસ્થામાં કરવાની આગ્રહભરી સલાહ છે.

**રોજગારી T20 :** મૂળ ઈંગ્લેન્ડની ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાં ધંધા - વ્યવસાય અર્થે આવેલી, પણ તેણે આર્થિક ઉપરાંત રાજકીય વર્ચસ્વ પણ મેળવેલું. જો કે દર ૧૦ વર્ષે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ બ્રિટનની સંસદ પાસેથી વધુ ૧૦ વર્ષો માટે વેપાર કરવાની પરવાનગી મેળવવી પડતી. એક સમયે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની આવક ઈંગ્લેન્ડની રાષ્ટ્રીય આવક કરતા પણ વધી ગઈ, પરિણામે બ્રિટનની સંસદના કહેવાથી ૧૮૫૭માં ભારતમાં ત્રણ યુનિવર્સિટીઓ - મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં સ્થાપવી પડી. જેમાં કલકત્તા યુનિવર્સિટીની બેથુન કોલેજ ૧૮૭૯માં સ્થપાયેલી સમગ્ર ભારતની સૌ પ્રથમ ગર્લ્સ કોલેજ બની હતી અને તેમાંથી સૌ પ્રથમ ગ્રેજ્યુએટ મહિલાઓ ચંદ્રમુખી બસુ અને કાદંબિની ગાંગુલી હતી. ●

## ભરતી સમિતિ, માહિતી કમિશનરની કચેરી : ગાંધીનગર

# સિનિયર સબ એડિટર/માહિતી મદદનીશ સંવર્ગની ભરતી

માહિતી કમિશનર કચેરીના તંત્ર હેઠળની સિનિયર સબ એડિટર,જાહેરાત ક્રમાંક ૧/૨૦૧૫-૧૬ વર્ગ-૩ સંવર્ગની કુલ-૩૧ જગ્યાઓ અને માહિતી મદદનીશ,જાહેરાત ક્રમાંક ૨/૨૦૧૫-૧૬ વર્ગ-૩ સંવર્ગની કુલ-૨૧ જગ્યાઓ માટે ઉમેદવારો પસંદ કરવા તા. ૫-૧૦-૨૦૧૫ ૧૪.૦૦ કલાકથી તા. ૨૭-૧૦-૨૦૧૫ ૨૩.૫૯ કલાક સુધી ઓનલાઈન ઉમેદવારી કન્ફર્મ કરવા જણાવવામાં આવે છે.

❑ **જગ્યાનું નામ :** સિનિયર સબ એડિટર, વર્ગ-૩ની કુલ-૩૧ જગ્યાઓ, **પગાર ધોરણ :** ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે. ૪૪૦૦

| ક્રમ | કેટેગરી | કુલ સંખ્યા | કુલ જગ્યા પૈકી મહિલા માટે અનામત જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિનઅનામત | ૧૭ | ૫ |
| ૨ | સા.શૈ.પ.વ. | ૮ | ૨ |
| ૩ | અનુસુચિત જાતિ | ૨ | ૦ |
| ૪ | અનુસુચિત જનજાતિ | ૪ | ૧ |
| ૫ | વિકલાંગ | બિન અનામત પૈકી-૧ જગ્યા | |

**શૈક્ષણિક લાયકાત :** (I) A post graduate diploma in Journalism and Mass Communication or a post graduate degree in Journalism and Mass Communication or Journalism obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India: or any other educational institution recognised as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised as such by the Government; or

(II) A graduate degree in Journalism and Mass Communication or Journalism as a principal subject obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised as such by the Government; and

❑ **જગ્યાનું નામ :** માહિતી મદદનીશ, વર્ગ-૩ની કુલ-૨૧ જગ્યાઓ, **પગાર ધોરણ :** ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે. ૨૮૦૦

| ક્રમ | કેટેગરી | કુલ સંખ્યા | કુલ જગ્યા પૈકી મહિલા માટે અનામત જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિનઅનામત | ૧૦ | ૩ |
| ૨ | સા.શૈ.પ.વ. | ૬ | ૧ |
| ૩ | અનુસુચિત જાતિ | ૦ | ૦ |
| ૪ | અનુસુચિત જનજાતિ | ૫ | ૧ |

**શૈક્ષણિક લાયકાત :** A Master degree in Journalism and Mass Communication or post-graduate diploma in Journalism and Mass Communication or Bachelors' degree in Journalism and Mass Communication or Bachelor degree in Journalism obtained from any of the Universities or Institutions established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognised as such by the Government.

❑ **વયમર્યાદા :** સિનિયર સબ એડિટર માટે-૩૩ વર્ષ.માહિતી મદદનીશ માટે-૩૨ વર્ષ.ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ મુજબ ગણવાની રહેશે.ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છુટછાટ મળવાપાત્ર છે.

૧. મુળ ગુજરાતના અનુ. જનજાતિ, સા.શૈ.પ. વર્ગના ઉમેદવારો - પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં)

૨. મુળ ગુજરાતના બિન-અનામત મહિલા ઉમેદવારો - પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં)

૩. મુળ ગુજરાતન અનુ. જનજાતિ, સા.શૈ.પ. વર્ગના મહિલા ઉમેદવારો - દશ વર્ષ ( આ છૂટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઈ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છુટછાટ મળશે)

૪. માજી સૈનિકો ઈ.સી.ઓ., એસ.એસ.સી. ઓ સહિત ઉમેદવારો - લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ (વધુમાં વધુ ૪૦ વર્ષની મર્યાદામાં)

૫. ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુખી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણુંક જાહેરાતમાની જગ્યામાં દર્શાવેલ વય-મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ. - જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને તેઓએ બજાવેલ સેવાના સમય અથવા વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તેટલી છુટછાટ મળશે.

**સિનિયર સબ એડિટર માટે :** શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો (ઉપર એ-૫માં આપેલ વિગતને આધિન) હલનચલનની અશક્તતા O.A. (One Arm affected) અથવા O.L.(One leg affected) અથવા B.L. (Both leg affected) અથવા O.A.L.(One Arm Leg affected) અથવા H.H.(Hearing Handicapped) મોડરેટ કક્ષાના કે જેઓ 40% કે તેથી વધુ પરંતુ 75% સુધીની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો હોય તેઓને જ મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળવાપાત્ર રહેશે. આ સિવાય અન્ય શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

❑ **પરીક્ષા પદ્ધતિ અને અભ્યાસક્રમ વિશેની માહિતી :** ઉમેદવારોની પસંદગી માટે બે તબક્કામાં પરીક્ષા લેવામાં આવશે.

**પ્રિલિમીનરી પરીક્ષા :** પ્રિલિમીનરી પરીક્ષા (Screening Test)માં હેતુલક્ષી પ્રકારનું OMR પદ્ધતિનું ૧૫૦ મિનિટનું અને ૨૦૦ ગુણનું એક પ્રશ્નપત્ર રહેશે. આ પ્રિલિમીનરી પરીક્ષામાં સમિતિ નિયત કરે તેટલા લઘુત્તમ ગુણ મેળવનાર ઉમેદવારો પૈકી ભરવાપાત્ર જગ્યાના ૬ ગણા ઉમેદવારોને મેરીટના આધારે મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા માટે લાયક ગણવામાં આવશે.

**અભ્યાસક્રમ :**

| Paper No. | Part | Subject | Marks | Duration |
|---|---|---|---|---|
| 1 | A | History of the Gujarati Journalism. | 50 | 150 |
| | B | General Knowledge<br>- Important Post Independence events.<br>- General Geography of Gujarat.<br>- Fundamental rights in Constitution of India.<br>- Important Current events (Regional, National and International)<br>- General idea about Government publications, leading news papers, Magazines, Radio and TV news channels | 50 | Minutes |
| | C | English Grammar | 50 | |
| | D | Gujarati Grammar | 50 | |
| | | Total Marks | 200 | |

**મુખ્ય પરીક્ષા :** મુખ્ય પરીક્ષામાં ૩ કલાકનું એક એવા કુલ પાંચ વર્ણાત્મક પ્રકારના પ્રશ્નપત્રો રહેશે.

**અભ્યાસક્રમ :**

| Paper | Subject | Marks |
|---|---|---|
| 1. | English Language | 100 |
| 2. | Gujarati Language | 100 |
| 3. | News Writing | 200 |
| 4. | (1) Legal aspects of the journalism<br>(2) communication through Publication | 200 |
| 5. | (1) Types of Advertisement and Writing Style<br>(2) Traditional Media<br>(3) Social Media and Web Media | 200 |
| | Total Marks | 800 |

**Paper 1 and 2:** The standard and the syllabus for Paper 1 and 2 shall be of Twelfth standard of The Gujarat Secondary and Higher Secondary Education Board.

**Paper 3: (1)** News writing:

- Press note writing
- Event based article writing
- Photo Caption and photo story writing
- Report writing
- TV Story writing

**Paper 4: (1)** Legal aspects and Ethics of the journalism.

- Registration and Declaration.
- Fundamental function of following Institutes.
- Registrar of News Paper for India
- Directorate of Advertising and Visual Publicity
- Press Council of India
- Prasar Bharati
- Press Registration and Books Act, 1867.

(2) Communication Through Publications

- Books, pamphlets, folders

**Paper 5: (1)** Types of Advertisement and Writing Style

- Print/Electronic Media advertisement.
- Radio jingle

(2) Traditional Media

- Bhavai, dayaro etc.
- Role of Traditional Media in Publicity.

(3) Social Media and Web Media

- Basic knowledge and Use of E-mail, smart phone based applications and Web Media.

મુખ્ય પરીક્ષામાં ભરતી સમિતિ નિયત કરે તેટલા લઘુત્તમ ગુણ મેળવનાર ઉમેદવારો પૈકી ભરવાપાત્ર જગ્યાની સંખ્યા જેટલા ઉમેદવારોની મેરીટના ધોરણે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે અને તેના આધારે નિમણુંક સત્તાધિકારીને ભલામણ કરવામાં આવશે. ભરવાપાત્ર જગ્યાની સંખ્યાના ૧૦ ટકા ઉમેદવારોની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

❑ **અરજી ફી :** ઉમેદવારો જ્યારે OJAS વેબસાઈટ http//ojas.guj.nic.in પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને ફી ભરવા માટે ઓનલાઈન ઉપલબ્ધ ચલણની ત્રણ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ તેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. બિન અનામત કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ૨૦૦ અને અનામતકક્ષાના ઉમેદવારોએ પરીક્ષા ફી : ૧૦૦ ચલણ સાથે કોઈપણ કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફિસમાં હિસાબી અધિકારી, માહિતી કમિશનરની કચેરી, ગાંધીનગરના નામે ભરવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફિસ રાખશે અને બે નકલ ઉમેદવારને સિક્કા / સ્ટીકર સાથે પરત આપશે. જે ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક રજુ કરવાની રહેશે અન્યથા ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહીં. ફી સ્વીકારવાની આ પદ્ધતિ સિવાય અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં. જો ફી ભર્યા બાદ ૨૪ કલાકમાં SMS ન મળે તો ઉમેદવારે તાત્કાલિક જે તે પોસ્ટ ઓફિસમાં સંપર્ક અચુક કરવો. અનુસુચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના પ્રમાણપત્રની વિગત દર્શાવવાની રહેશે. ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

❑ **અરજી કરવાની રીત :** આ જાહેરાતના સંદર્ભમાં ઉમેદવારે http//ojas.guj.nic.in વેબસાઈટ પર તા. ૫-૧૦-૨૦૧૫ ૧૪-૦૦ કલાકથી તા. ૨૭-૧૦-૨૦૧૫ ૨૩.૫૯ કલાક સુધીમાં અરજી કરવાની રહેશે. કન્ફર્મેશન નંબર મળ્યા પછી જ અરજી સંપૂર્ણ થયેલ ગણાશે.

(અહીં દર્શાવવામાં આવેલી જાહેરાત માત્ર નિર્દેશ માટે છે. વધુ વિગતો માટે ઓજસ વેબસાઈટ અને અપડેટ માટે માહિતી ખાતાની વેબસાઈટ www.gujaratinformation.net જોતા રહેવું)

*(અનુસંધાન પાન નં. ૨ નું ચાલુ)*

11900 - 32000 /-. In addition to the Basic Pay, and D.A., HRA and other benefits like Provident Fund, Gratuity, Children Education Allowance, LTC / LFA, medical benefits, productivity / performance linked incentive, leave encashment, conveyance allowance, superannuation benefits, Post Retirement Medical Attendance benefits etc. shall also be admissible as per the rules of the Corporation

❑ **Selection Methodology:** The selection process would consist of three stages i.e. Written Test, Trade Test and Personal Interview for selection to the post of Jr Business Assistant Grade III and Written Test and Personal Interview only for selection to the post of Jr Chargeman Grade III, Jr Operator Grade I & Jr. Attendant (office) Grade I. Written Test will comprise of objective type questions on General Aptitude, General Knowledge, Simple Mathematics/Reasoning and question papers will be Bilingual i.e Hindi & English. Shortlisted candidates after written test will be called for Personal Interview/Trade test depending upon the post applied for. Trade test shall comprise of computer typing speed and/or computer literacy in MS Office. In the trade test, SC/ST candidates have to achieve the typing speed of 35 w.p.m. while OBC (NCL) candidates have to achieve the minimum typing speed of 40 w.p.m. for being eligible for personal interview. However, Candidates from PWD category shall be exempted from typing speed test and will be subjected to test in PC on computer literacy in MS Office only. Final selection from eligible candidates will be based on performance in written test/ trade test (where applicable) and personal interview.

❑ **General Instruction: How to apply**

1. Candidates should send their typed/neatly handwritten application on plain paper (A4 size), duly filled and signed with date, in the prescribed proforma given in our website www.iocl.com (career -> latest job opening -> Special Recruitment Drive for SC/ST/OBC/PWD in Marketing Division).
2. Candidates need to send the application form duly filled in all respect, along with self attested photocopies of testimonial ((proof of age, education qualification, experience, caste certificate, disability certificate ) and application fees to the specific address given against each post code through Ordinary post only:
3. **Name of the posts :** Jr. Business Assistant Grade III, **Region/State of the posts :** Northern Region **Post Code :** 1, **Address to which application is to be sent :** Post Box No 4590, Hauz Khas, New Delhi - 110016
4. **Name of the posts :** Jr. Business Assistant Grade III / Jr. Attendant (Office) Grade I **Region/State of the posts :** Western Region / Maharashtra **Post Code :** 3, 6, 8 **Address to which application is to be sent :** Post Box No.: 8114, Bandra (East) Post Office, Mumbai – 400051.
5. **Name of the posts :** Jr. Business Assistant Grade III / Jr. Attendant (Office) Grade I / Jr Operator Grade I **Region/State of the posts :** Eastern Region / Assam / Odisha / Bihar **Post Code :** 2, 5, 11, 12, 13 **Address to which application is to be sent :** Post Box No - 852, G.P.O. Kolkata – 700 001
6. **Name of the posts :** Jr. Business Assistant Grade III / Jr. Attendant (Office) Grade I Jr. Chargeman Grade III **Region/State of the posts :** Southern Region / Andhra Pradesh **Post Code :** 4, 7, 9, 10 **Address to which application is to be sent :** Post Box No.3312, Nungambakkam MDO, Nungambakkam, Chennai - 600034.
7. The envelope should be superscribed with the advertisement No and name of the post applied for with post code.
8. Candidates from the SC/ ST/PWD/ Ex-Servicemen category shall be exempted from payment of application fee. stage.
9. Application format available in this website i.e. www.iocl.com (career -> latest job opening -> Special Recruitment Drive for SC/ST/OBC/PWD in Marketing Division) and last date for receipt of filled in application by ordinary post only at the designated address is 02.11.2015

●

# ડોક્યાર્ડ એપ્રેન્ટિસ સ્કૂલ નેવલ ડોક્યાર્ડ : મુંબઈ

## વિવિધ ટ્રેડમાં આઈ.ટી.આઈ. ક્વોલીફાઈડ એપ્રેન્ટિસ ટ્રેનિંગ

મુંબઈ નેવલ ડોકયાર્ડમાં વિવિધ ટ્રેડમાં આઈ.ટી.આઈ. ક્વોલીફાઈડ ઉમેદવારોની એપ્રેન્ટિસ તરીકે નિમણુંક કરવા માટે નિયત અરજી ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૧૦-૨૦૧૫**

**જગ્યાની કુલ સંખ્યા : ૩૩૫**

❑ **એક વર્ષની તાલીમ (ટ્રેડનું નામ અને સંખ્યા)**

| SL | APPRENTICESHIP TRAINING TRADE | ELIGIBILE ITI TRADE |
|---|---|---|
| a | Machinist (10) | Machinist |
| b | Instrument Mechanic (10) | Instrument Mechanic |
| c | Fitter (40) | Fitter |
| d | Mechanic Machine Tool Maintenance (15) | Mechanic Machine Tool Maintenance |
| e | Ref. & Air Conditioning Mechanic (10) | Ref. & AC Mechanic |
| f | Electroplater (05) | Electroplate |
| g | Welder (Gas & Elect) (20) | Welder Gas & Electric |
| h | Painter (General) (25)<br>Mason (BC) (10) | Painter (General)<br>Mason (BC) |
| k | IT& ESM (10) | Information Technology & Electronic System Maintenance |
| j | Turner (15) | Turner |
| m | Electronic Mechanic (10) | Electronic Mechanic |
| n | Electrician ( 20 ) | Electrician |

❑ **TWO YEAR TRAINING**

| SL | APPRENTICESHIP TRAINING TRADE | ELIGIBILE ITI TRADE |
|---|---|---|
| a | Mechanic (Diesel) (25) | Mechanic (Diesel ) |
| b | Foundry Man (05) | Foundry Man |
| c | Mechanic Radio & Radar (Aircraft) (10) | Mechanic (Radio & TV) OP<br>Electronic Mechanic |
| d | Power Electrician (10) | Electrician |
| e | Shipwright Steel (20) | Fitter |
| f | Plumber (10) | Plumber |
| g | Pipe fitter ( 10 ) | Plumber |
| h | Rigger (Heavy Industries) (15) | Carpenter |
| j | Sheet metal worker (15) | Sheet metal worker |
| k | Carpenter ( 15 ) | Carpenter |

❑ **જગ્યાઓમાં અનામત :** કુલ જગ્યાઓમાં અ.જા./ અ.જ.જા. અને અ.પ.વ. ઉમેદવારો માટે નિયમોનુસાર અનામત જગ્યાઓ રહેશે.

❑ **શા.ખો.ખાંપણ ધરાવનાર ઉમેદવારો માટે :** કુલ જગ્યાઓમાં ૩ ટકા જગ્યાઓ શારીરિક ખોડખાંપણ ધરાવનાર ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે.

❑ **લશ્કરી દળો માટે :** લશ્કરી દળોના જવાનોના સંતાનો માટે ૩ ટકા જગ્યાઓ અનામત રહેશે.

❑ **યોગ્યતાના ધોરણ :**

♦ **શૈક્ષણિક લાયકાત :** લઘુતમ ૫૦ ટકા ગુણ સાથે મેટ્રિક/ધો. ૧૦ પાસ અને સંબંધીત ટ્રેડમાં કુલ ૬૫ ટકા ગુણ સાથે (નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ પણ માન્ય ગણાશે.)

♦ **વય મર્યાદા :** ઉમેદવાર ૩૧મી માર્ચ ૧૯૯૫ થી ૩૧મી માર્ચ ૨૦૦૨ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

♦ **લઘુત્તમ શારીરિક ધોરણ :** ઊંચાઈ ૧૫૦ સેમી., વજન - ૪૫ કિગ્રા., છાતીનો ફુલાવો ૫ સેમી., દષ્ટિનું ધોરણ ૬/૬, ૬/૯ હોવું જોઈએ. કાનમાંથી મેલ સાફ કરેલો હોવો જોઈએ. ઉમેદવારના આંતરિક અને બાહ્ય શારીરિક અવયવો સામાન્ય હોવા જોઈએ. શારીરિક ખોડખાંપણ ધરાવનાર ઉમેદવાર માટે એક્ટ એપ્રેન્ટિસ હેઠળ નિયત શારીરિક ધોરણ હોવા જોઈએ.

♦ **અગાઉની તાલીમ :** જો કોઈ ઉમેદવારે જાહેર અથવા ખાનગી સંસ્થામાં અગાઉ એપ્રેન્ટિસ તાલીમ લીધી હોય અથવા હાલમાં ચાલુ હોય તો તેઓ આ તાલીમ માટે લાયક ગણી શકાશે નહીં.

♦ **સ્ટાઈપેન્ડ :** પસંદ થયેલા ઉમેદવારને સરકાર દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલા દર મુજબ એપ્રેન્ટિસશીપ તાલીમના સમયગાળા દરમ્યાન પ્રતિમાસ રૂ. ૬૧૨૬, રૂ. ૭૦૦૨, રૂ. ૭૮૭૭ સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે.

♦ **પસંદગી પ્રક્રિયા :** ઉમેદવારે મેટ્રીક અને આઈ.ટી.આઈ. પરીક્ષામાં મેળવેલા ગુણના આધારે પ્રાથમિક તારવણી કરવામાં આવશે. પ્રાથમિક તારવણીના આધારે નક્કી કરવામાં આવેલા મેરિટમાં સમાવિષ્ટ ઉમેદવારોને ડિસેમ્બર, ૨૦૧૫ના છેલ્લા સપ્તાહમાં લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે. લેખિત પરીક્ષાના આધારે મેરિટમાં સ્થાન મેળવનાર ઉમેદવારોને ફેબ્રુઆરી, ૨૦૧૬માં ઈન્ટરવ્યૂ/ મેડિકલ માટે બોલાવવામાં આવશે.

♦ **તાલીમનો પ્રારંભ :** તા. ૧-૪-૨૦૧૬ થી

♦ **રેલવે ભાડુ :** લેખિત પરીક્ષા માટે કોઈપણ ઉમેદવારને રેલવે ભાડુ મળવાપાત્ર નથી. માત્ર ઈન્ટરવ્યૂ / મેડિકલમાં પસંદ થનાર ઉમેદવારને જ વતનના સ્થળના સ્ટેશનથી મુંબઈ સુધીનું બીજા વર્ગનું રેલવે ભાડુ મળી શકશે.

♦ **હોસ્ટેલ :** માત્ર બહારગામના પુરૂષ એપ્રિન્ટિસ માટે મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

ઉમેદવારોએ તેઓની અરજી નિયત અરજી ફોર્મમમાં વિગતો ભરીને નીચે દર્શાવેલ સરનામે તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે માત્ર સાદી ટપાલથી મોકલી આપવાની છે.

Post Box No. 10035,
GPO, Mumbai-400 001

❑ **અરજી સાથે મોકલવાના બિડાણો :**

♦ સંપૂર્ણ વિગતો ભરેલી હોલ ટિકિટ (ડુપ્લિકેટ)

♦ જન્મ તારીખની ખરાઈ માટે એસએસસી/મેટ્રિક્યુલેશન માર્કશીટની નકલ.

♦ આઈ.ટી.આઈ. માર્કશીટની નકલ.

♦ જાતિનો દાખલો (અ.જા./અ.જ.જા./અ.પ.વ. માટે)

♦ શા.ખો.ખાંપણ ધરાવનાર માટે તબીબી પ્રમાણપત્ર.

♦ લશ્કરી દળોના જવાનોના સંતાનો માટે પ્રમાણપત્ર.

♦ ચારિત્ર્યનું પ્રમાણપત્ર

♦ રૂ. ૫ની ટિકિટ ચોંટાડેલું ૨૨ સેમી × ૧૦ સેમી. સાઈઝનું સ્વયંનું નામ - સરનામું લખેલું પરબિડીયું.

♦ પાન અથવા આધાર કાર્ડની નકલ.

❑ **નોકરી :** એપ્રેન્ટિસ એક્ટ-૧૯૬૧ અન્વયે એપ્રેન્ટિસ તરીકે જોડાનારા ઉમેદવારને તાલીમ પૂર્ણ થયા બાદ સેવામાં સામેલ કરવો નેવલ ડોકયાર્ડ, મુંબઈ માટે ફરજીયાત નથી. નિયમિત નિમણુંક માટે નિયત ભરતી નિયમો અનુસરવાના રહે છે.

❑ અરજી ફોર્મના નમૂના માટે વેબસાઈટ www.davp.nic.in જોવા વિનંતી.

●

# વડોદરા મહાનગર સેવા સદન

વડોદરા મહાનગર સેવા સદનમાં નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરતી કરવા માટે માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઈટ પર તા. ૬-૧૦-૨૦૧૫ (૧૧.૦૦ કલાક) થી તા. ૨૦-૧૦-૨૦૧૫ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ | GEN | અનામત જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC |
| ૧ | ટાઉન પ્લાનર | ૦૧ | ૦૧ | - | - | - |
| ૨ | કાર્યપાલક ઈજનેર (ઈલેક્ટ્રીકલ) | ૦૧ | ૦૧ | - | - | - |
| ૩ | વીજીલન્સ ઓફિસર | ૦૧ | ૦૧ | - | - | - |
| ૪ | ડે.એસેસર એન્ડ ટેક્ષ કલેકટર | ૦૧ | - | - | ૦૧ | - |
| ૫ | જમીન મિલ્કત ટેક્ષ કલેકટર | ૦૧ | - | - | - | ૦૧ |
| ૬ | વહીવટી અધિકારી | ૦૧ | ૦૧ | - | - | - |
| ૭ | સિક્યુરીટી ઓફિસર | ૦૧ | - | ૦૧ | - | - |
| ૮ | બાયોલોજીસ્ટ | ૦૨ | ૦૧ | - | - | ૦૧ |
| ૯ | આસી. ડાયરેક્ટર (પાર્કસ એન્ડ ગાર્ડન) | ૦૧ | ૦૧ | - | - | - |
| ૧૦ | એન્ક્રોચમેન્ટ રિમુવલ ઓફિસર | ૦૨ | ૦૧ | - | ૦૧ | - |
| ૧૧ | ટ્રેનિંગ ઓફિસર | ૦૧ | ૦૧ | - | - | - |

(૧) કોઈપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ફક્ત ઓનલાઈન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતીઓ વડોદરા મહાનગર સેવા સદનની વેબસાઈટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી તા. ૨૬-૧૦-૨૦૧૫ સુધીમાં બેંક ઓફ બરોડાની કોઈપણ શાખામાં ભરપાઈ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ ના મંજુર ગણવામાં આવશે. (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઈ જે તે જગ્યાને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઈન્ટરવ્યુ અંગે કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવા સદન, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.

નોંધ :- ઉક્ત તમામ જગ્યાઓ માટે અગાઉ પી.આર.ઓ. નં. ૨૮૬/૧૩-૧૪ અનુ.નં.૧, ૩૯૦, ૩૯૧ અનુ. નં.૧, ૩૯૯ અનુ. નં. ૨ અને ૫, ૪૦૨, ૪૦૩ અનુ. નં. ૨, ૪૦૪/૧૪-૧૫ થી મંગાવેલ અરજીપત્રકો તથા ભરતી પ્રક્રિયા રદ કરેલ હોઈ અગાઉ કરેલ અરજીઓના અરજદારોએ ફરીથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

પી.આર.ઓ. નં. ૬૨૪/૧૫-૧૬ મ્યુનિસિપલ કમિશ્નર

વડોદરા મહાનગર સેવા સદનમાં નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરતી કરવા માટે માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઈટ પર તા. ૬-૧૦-૨૦૧૫ (૧૧.૦૦ કલાક) થી તા. ૨૦-૧૦-૨૦૧૫ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ | GEN | અનામત જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC |
| ૧ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૦૧ | ૦૧ | - | - | - |
| ૨ | આસી. કેમિસ્ટ (પબ્લિક હેલ્થ લેબોરેટરી) | ૦૨ | ૦૧ | - | - | ૦૧ |
| ૩ | આસી. કેમિસ્ટ (પબ્લિક હેલ્થ એન્જી. લેબોરેટરી) | ૦૨ | ૦૧ | - | - | ૦૧ |
| ૪ | બજેટીંગ એન્ડ MIS ઓફિસર | ૦૧ | ૦૧ | - | - | - |
| ૫ | આસી. કોમર્શિયલ ઓફિસર | ૦૧ | ૦૧ | - | - | - |
| ૬ | સ્વીમીંગ પુલ મેનેજર | ૦૩ | ૦૨ | - | - | ૦૧ |
| ૭ | સિનિયર કોચ (સ્વીમીંગ પુલ) | ૦૨ | ૦૨ | - | - | - |
| ૮ | ટ્રેઈનર્સ | ૦૪ | ૦૩ | - | - | ૦૧ |
| ૯ | લાઈફ ગાર્ડ કમ ટ્રેનર | ૦૨ | ૦૧ | - | - | ૦૧ |
| ૧૦ | સોફટવેર પ્રોગ્રામર | ૦૩ | ૦૩ | - | - | - |
| ૧૧ | સર્વર એન્ડ નેટવર્ક એડમિનીસ્ટ્રેટટ | ૦૨ | ૦૨ | - | - | - |
| ૧૨ | ગાર્ડન સુપરવાઈઝર (હોર્ટીકલ્ચર-બાગાયત) | ૦૫ | ૦૨ | - | ૦૧ | ૦૨ |
| ૧૩ | ઝૂ સુપરવાઈઝર | ૦૨ | ૦૨ | - | - | - |
| ૧૪ | આસી. ક્યુરેટર (આજવા-ઝૂ) | ૦૧ | ૦૧ | - | - | - |
| ૧૫ | કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર | ૦૬ | ૦૩ | - | ૦૧ | ૦૨ |
| ૧૬ | મલ્ટી પર્પઝ વર્કર | ૧૪ | ૧૧ | - | ૦૧ | ૦૨ |
| ૧૭ | સ્ટેશન ઓફિસર (ફાયર) | ૦૩ | ૦૧ | - | ૦૧ | ૦૧ |
| ૧૮ | સૈનિક (ફાયરબ્રિગેડ) | ૬૯ | ૩૩ | ૦૭ | ૧૦ | ૧૯ |

(૧) કોઈપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ફક્ત ઓનલાઈન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતીઓ વડોદરા મહાનગર સેવા સદનની વેબસાઈટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી તા. ૨૬-૧૦-૨૦૧૫ સુધીમાં બેંક ઓફ બરોડાની કોઈપણ શાખામાં ભરપાઈ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ ના મંજુર ગણવામાં આવશે. (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઈ જે તે જગ્યાને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઈન્ટરવ્યુ અંગે કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવા સદન, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.

નોંધ :- ઉપરોક્ત તમામ જગ્યા સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ઝ-૧, તા. ૨૬-૦૨-૨૦૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે. (૨) ઉક્ત તમામ જગ્યાઓ પૈકી અનુ. ૧ થી ૬, ૧૦, ૧૧, ૧૬ અને ૧૮ માટે અગાઉ અગાઉ પી.આર.ઓ. નં. ૧૪૬/૧૩-૧૪, ૩૨૯, ૩૩૦, ૪૦૦ અનુ. નં. ૨, ૩ અને ૪, ૪૦૧ અનુ. નં. ૩, ૪૧૦, ૭૩૨/૧૪-૧૫ થી મંગાવેલ અરજીપત્રકો તથા ભરતી પ્રક્રિયા રદ કરેલ હોઈ અગાઉ કરેલ અરજીઓના અરજદારોએ ફરીથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

પી.આર.ઓ. નં. ૬૨૫/૧૫-૧૬ મ્યુનિસિપલ કમિશ્નર

# ગુજરાત જાહેર સેવા આયોગ

## સરકારી ઈજનેરી કોલેજના પ્રાધ્યાપકોની જગ્યા માટે અગત્યની સુધારા જાહેરાત

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સરકારી ઈજનેરી કોલેજ ખાતે જુદા જુદા વિષયના પ્રાધ્યાપક વર્ગ-૧ની કુલ-૧૩ જગ્યાઓ પર ભરતી કરવા માટે જા.ક્ર:૪૮ થી ૫૫/૨૦૧૫-૧૬ આપવામાં આવેલ હતી. જેની અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૮-૧૦-૨૦૧૫ છે. આ જાહેરાતમાં ભરતી નિયમો મુજબ શૈક્ષણિક લાયકાતમાં એન્જિનિયરીંગ અથવા ટેકનોલોજીમાં સંબંધિત શાખામાં Ph.D. ની પદવી અને સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગની પદવી ધરાવતા હોવા જોઈએ તેમ જણાવેલ છે. પરંતુ ઓનલાઈન અરજી કરતી વખતે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગની પદવી હોય તેઓની જ અરજી સ્વીકારાતી હોઈ તેવી રજૂઆત મળતા આ બાબત આયોગ દ્વારા ધ્યાનમાં લેવાયેલ છે અને જાહેરાતની જોગવાઈ પ્રમાણે લાયક ઉમેદવારો અરજી કરી શકે તે આશયથી આ જાહેરાતો અન્વયે અરજીઓ સ્વીકારવા માટે સમયમર્યાદા વધુ ૧૦ (દસ) દિવસ તા. ૧૯/૧૦/૨૦૧૫ સુધી લંબાવવામાં આવે છે. અગાઉ આ જાહેરાતો અન્વયે અરજી કરેલ ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેતી નથી જેની નોંધ લેવી. આ સુધારા જાહેરાત અન્વયે અરજી કરનાર ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ અરજીપત્રક જરૂરી બિડાણો તથા પોસ્ટ ઓફિસ/ઈ પેમેન્ટથી ફી ભરેલ ચલણ (રિસિપ્ટ) ની નકલ સાથે ગુજરાત જાહેર સેવા આયોગ પહેલા માળ, બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ-૩૮૦ 001 કચેરીમાં તા. ૨૮/૧૦/૨૦૧૫ સુધીમાં આરપીએડી/સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવાના રહેશે અથવા રૂબરૂમાં આપી જવાના રહેશે. પ્રસ્તુત જાહેરાતો માટે શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવ અને નોન ક્રિમિલેયર પ્રમાણપત્રોની જોગવાઈઓ મૂળ જાહેરાતની અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૮/૧૦/૨૦૧૫ના રોજની સ્થિતિએ ગણવામાં આવશે. અર્થાત તા. ૨૩/૦૯/૨૦૧૫ ના રોજ પ્રસિદ્ધ થયેલ જાહેરાતની અન્ય શરતો યથાવત રહેશે.

# રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા : મુંબઇ

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં ઓફિસર ગ્રેડ-બીની ૧૩૪ જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ભારતીય નાગરીક ઉમેદવારો પાસેથી તા. ૨૩-૧૦-૨૦૧૫ સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે ધોરણ-૧૦,૧૨ અને સ્નાતક અથવા તેને સમકક્ષ.અ.જ., અ.જ.જા., શા.ખો.ખાં.ધરાવનાર માટે ૫૦ ટકા.વય મર્યાદા : તા.૧-૧૦-૨૦૧૫ના રોજ ૨૧ થી ૩૦ વર્ષ.જગ્યાઓની સંખ્યા : ૧૩૪ (સામાન્ય-૬૭,અ.જા.૧૫,અ.જ.જા.-૧૩,અ.પ.વ.-૩૯).ઉમેદવારોએ આર.બી.આઈ.ની વેબસાઇટ www.rbi.org.in.ઉપર તા.૨૩-૧૦-૨૦૧૫ સુધીમાં ઓન લાઇન અરજી કરવાની છે.

## માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાંથી આર્થિક સહાય/પુરસ્કાર મેળવવા અંગેની જાહેરાત

**પ્રાથમિક શિક્ષણ નિયાકમની કચેરી,**
**બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાંથી અલગ-અલગ યોજનાઓમાં નિયત ધોરણોની લાયકાત ધરાવનાર ગુજરાત રાજ્યની કન્યાઓ/વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૫-૧૬ માટે આર્થિક સહાય/પુરસ્કાર આપવા અંગે.

માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં ઉપલબ્ધ ફંડમાંથી રાજ્યની કન્યાઓ/વિદ્યાર્થીનીઓના ઉચ્ચ શૈક્ષણિક વિકાસ માટે નવી સુધારેલી યોજનાઓ અમલમાં છે. વર્ષ ૨૦૧૩-૧૪ થી અમલમાં આવેલી વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ લેવા ઈચ્છુક વિદ્યાર્થીનીઓ પાસેથી વર્ષ ૨૦૧૫-૧૬ માટે અરજીઓ માંગવામાં આવે છે.

જુદી જુદી યોજનાઓની વિગત, પ્રત્યેક યોજના માટે નક્કી કરેલ પાત્રતાના ધોરણો, યોજનાવાર અરજીપત્રકના નિયત નમૂના, લાભાર્થીઓ માટે સામાન્ય સૂચનાઓ તથા દરેક યોજનાની વિગવતવાર સૂચનાઓ આ કચેરીની વેબસાઈટ www.cmkanyanidhi.org.in પર મૂકવામાં આવેલ છે. આ વેબસાઈટ ઉપરથી લાગુ પડતી યોજના માટેનું નિયત અરજીપત્રક તથા લાગુ પડતી યોજના માટેની સૂચનાઓ ડાઉનલોડ કરી શકાશે.

વિદ્યાર્થીનીઓએ/સંસ્થાઓએ નિયત કરેલા જે તે યોજના માટેના અરજીપત્રકમાં યોજનાવાર દર્શાવેલા જરૂરી આધારો સાથે, સંબંધિત હાલની સંસ્થાના વડાના સહી-સિક્કા કરાવી સંપૂર્ણ વિગતો ભરીને નીચે જણાવેલ આ કચેરીના સરનામે મોડામાં મોડી તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં મળે તે રીતે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. નિયત સમય મર્યાદા બહાર આવેલી અરજીઓ ધ્યાને લેવાશે નહીં.

**અરજીપત્રકો મોકલવાનું સરનામું :** સચિવ, માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અને પ્રાથમિક શિક્ષણ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨/૧, ગુ. રા. ગાંધીનગર.

સચિવ, માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અને પ્રાથમિક શિક્ષણ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨/૧, ગુ. રા. ગાંધીનગર.

# વડોદરા મહાનગર સેવા સદન

વડોદરા મહાનગર સેવા સદનમાં નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરતી કરવા માટે માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઈટ પર તા. ૬-૧૦-૨૦૧૫ (૧૧.૦૦ કલાક) થી તા. ૨૦-૧૦-૨૦૧૫ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ | GEN | અનામત જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC |
| ૧ | સબ સેનેટરી ઈન્સપેકટર | ૧૦ | ૦૪ | - | ૦૧ | ૦૫ |

(૧) કોઈપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ફક્ત ઓનલાઈન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતીઓ વડોદરા મહાનગર સેવા સદનની વેબસાઈટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી તા. ૨૬-૧૦-૨૦૧૫ સુધીમાં બેંક ઓફ બરોડાની કોઈપણ શાખામાં ભરપાઈ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ ના મંજુર ગણવામાં આવશે. (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઈ જે તે જગ્યાને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઈન્ટરવ્યુ અંગે કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવા સદન, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.

નોંધ :- ઉપરોક્ત જગ્યા સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ઝ-૧, તા. ૨૬-૦૨-૨૦૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે. (૨) ઉક્ત જગ્યાઓ માટે અગાઉ પી.આર.ઓ. નં. ૩૨૮/૧૪-૧૫ થી મંગાવેલ અરજીપત્રકો તથા ભરતી પ્રક્રિયા રદ કરેલ હોઈ અગાઉ કરેલ અરજીઓના અરજદારોએ ફરીથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

પી.આર.ઓ. નં. ૬૨૭/૧૫-૧૬ મ્યુનિસિપલ કમિશ્નર

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.*